# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 23-03-2025 Day: Sunday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **તૌફિક સમા** વાંચે છે.

---

## ગુજકેટ પરીક્ષા:

રાજ્યની સરકારી, અનુદાનિત અને ખાનગી કોલેજોમાં એન્જિનિયરિંગ, ફાર્મસી, એગ્રિકલ્ચર અને વેટરિનરીની 1 લાખ 39 હજાર 283 બેઠક પર પ્રવેશ માટે આજે ધોરણ 12 વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓની GUJCET (ગુજરાત કોમન એન્ટ્રન્સ ટેસ્ટ)ની પરીક્ષા લેવામાં આવી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, રાજ્યમાં એન્જિનિયરિંગની 1 લાખ 27 હજાર 538 જેટલી બેઠકો, ફાર્મસીની 10 હજાર 752 એગ્રિકલ્ચરની 678 અને વેટરિનરીની 315 બેઠક છે.જેના માટે 1 લાખ 29 હજાર 706 વિદ્યાર્થી નોંધાયા હતા.

જીલ્લામાં 9 પરીક્ષા કેન્દ્રો પર 3 સત્રોમાં ગુજકેટની પરીક્ષાનું આયોજન કરાયુ હતું. જેમાં કુલ 18,22 વિધાર્થીઓએ આ પરીક્ષા આપી હતી.જીલ્લા શિક્ષણ અધિકારી સંજય પરમાર આ અંગે વધુ માહિતી આપી હતી.

(બાઈટ-જીલ્લા શિક્ષણ અધિકારી-સંજય પરમાર)

-----------------------------------------------------------------------------------------

## રાજ્ય પરીક્ષા બોર્ડ-કોમન એન્ટ્રસ ટેસ્ટ-:

રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા જીલ્લામાં પુર્વ અને પશ્ચિમ ઝોન ખાતે વર્ષ 2025-26ના શૈક્ષણિક વર્ષમાં જ્ઞાન શક્તિ, રેસિડેન્સીયલ સ્કુલ, રક્ષા શક્તિ તેમજ એકલવ્ય રેસિડેન્સીયલ સ્કુલમાં ધોરણ 6માં પ્રવેશ માટે કોમન એન્ટ્રસ ટેસ્ટનું આયોજન કરાયુ હતું. જેમાં પશ્ચિમ કચ્છના 6 તાલુકા ભુજ,માંડવી, મુંદરા,નખત્રાણા, અબડાસા, લખપત અને પુર્વ કચ્છના 4 તાલુકા

અંજાર, ગાંધીધામ, ભચાઉ અને રાપર ખાતે  આ પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યુ હતું. કુલ 23 હજાર 475 છાત્રોમાંથી 16,321 છાત્રોએ પરીક્ષા આપી હતી.

-----------------------------------------------------------------------------------

## PGVCL-પ્રિમોન્સુન કામગીરી:

ઉનાળાની સીઝનમાં વીજમાગમાં થઇ રહેલા વધારાને જોતાં અને વીજ વિક્ષેપના બનાવોને ઘટાડવા માટે આ વર્ષે પીજીવીસીએલ દ્વારા એપ્રિલ મહિનાથી જ પ્રિમોન્સૂનની કામગીરી હાથ ધરવામાં આવશે.

જીલ્લામાં કુલ ૮૫૭ ટ્રાન્સફોર્મરની ક્ષમતામાં વધારો કરવામાં આવ્યો છે. એપ્રિલ માસના અંત સુધીમાં ૨૫૦ વીજ ટ્રાન્સફોર્મરની ક્ષમતામાં વધારો કરાશે. શહેરી વિસ્તારોમાં ૨,૯૪૨ કિમી એબી કેબલ પાથરવાની કામગીરી ટૂંક સમયમાં શરૂ કરાશે. આ વર્ષે તંત્રે વિવિધ રહેણાક વિસ્તારોમાં લોડ વધારવાની કામગીરી શરૂ કરી છે. ઉનાળા તેમજ ચોમાસામાં ઓછો વીજ વિક્ષેપ થાય તે દિશામાં કામગીરી કરવામાં આવી રહી છે.

-----------------------------------------------------------------------------------

## ક્ષય દિવસ:

આવતીકાલે  સમગ્ર વિશ્વમાં ક્ષય દિવસની ઉજવણી કરવામાં આવશે. ક્ષય  બેક્ટેરિયાથી થતું ઈન્ફેક્શન જે ફેફસાને અસર કરે છે, પરંતુ તે શરીરના અન્ય કોઈ પણ ભાગને અસર કરી શકે છે. જીલ્લામાં છેલ્લા સવા વર્ષમાં ક્ષયના ૩,૯૮૧નવા દર્દીઓ નોંધાયા છે, જેમાં ભુજ તાલુકામાં સૌથી વધુ ૧,૦૬૧ જ્યારે સૌથી ઓછા લખપત તાલુકામાં ૭૨ દર્દીઓ નોંધાયા છે.

કચ્છમાં ક્ષય રોગની સારવાર કરવા માટે તંત્ર દ્વારા અંતરીયાળ ગામોમાં જુદા-જુદા 3 વાહનો પણ ફેરવવામાં આવી રહ્યા છે અને લોકોને ક્ષય રોગ વિશે માહિતી અને સારવાર આપવામાં રહી છે.

આ અંગે ટીબી હોસ્પિટલના મેડિકલ ઓફિસરએ જણાવ્યું હતું કે, રાપર, અબડાસા, લખપત અને ભચાઉ તાલુકાના અંતરિયાળ ગામોના લોકો કે જેઓ ભુજ સુધી આવી શકતા નથી તેમના માટે મોબાઇલ વાન શરૂ કરાયું છે. જેમાં એક્સ-રે તેમજ ગળફાનું ટેસ્ટિંગ કરીને રિપોર્ટ

તુરંત આપવામાં આવે છે. જો ક્ષય રોગ જણાય તો તે દર્દીને સારવાર પણ શરૂ કરી દેવામાં આવે છે. જેમાં રોજનાં ૫૦થી વધુ લોકોના ટેસ્ટ કરવામાં આવે છે.

---

## SPIPA-કેન્દ્ર સ્થાપવા રજુઆત:

ગાંધીધામની અગ્રણી વેપારી સંસ્થા ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ ધ્વારા કચ્છમાં સરદાર પટેલ ઈન્સ્ટીટયૂટ ઓફ પબ્લીક એડમિનિસ્ટેશન-સ્પીપા કેન્દ્રની સ્થાપના કરવા મુખ્યમંત્રી સમક્ષ રજૂઆત કરાઈ છે.

ચેમ્બરના પ્રમુખ મહેશ પુંજે જણાવ્યુ કે ગુજરાતમાં હાલમાં અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, મહેસાણા અને ગાંધીનગર ખાતે સ્પીપાના કેન્દ્રો કાર્યરત છે. કચ્છમાં ઔદ્યોગિક વિકાસની સાથે શિક્ષણનો વ્યાપ પણ વિસ્તરી રહયો છે ત્યારે સ્થાનિકે સ્પીપા તાલીમ કેન્દ્રની જરૂરીયાત વધુ તીવ્ર બની છે.

કચ્છમાં આ કેન્દ્ર સ્થાપવામાં આવે તો જિલ્લાના 10 તાલુકામાં રહેતા વિદ્યાર્થીઓને આઈ.એ.એસ,આઈ.પી.એસ,યુ.પી.એસ.સી,જી.પી.એસ.સી. જેવી પરીક્ષાઓની તાલીમ માટે અમદાવાદ કે અન્ય શહેરોમાં જવાની મજબૂરી દૂર થશે તેમ એક યાદીમાં જણાવવામાં આવ્યુ છે.

---